# રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિનની ઉજવણી

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર આઈ.સી.એ.આર.-સીફ્રા, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર આ.કૃ.યુ., દેવાતજના સહયોગથી તારીખ ૧૦ જુલાઈ, ૨૦૧૬ ના રોજ અનિકેત ખેડૂત છાત્રાલય, આ.કૃ.યુ., આણંદ ખાતે "રાષ્ટ્રીય મત્સ્યખેડૂત દિન" ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આણંદ, વડોદરા અને ખેડા જિલ્લાના મત્સ્યઉછેર કરતા ૮૦ જેટલા ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપસ્થિતરહયા હતા.

આ પ્રસંગે ડૉ. એ. એમ. ઠાકર, આચાર્ય, વેટરનરી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ; શ્રી વક્કબ્મ આનંદ મીટી, વૈજ્ઞાનિક ઈન-ચાર્જ, આઈ.સી.એ.આર.-સીફરી, વડોદરા; ખેડા જિલ્લાના મત્સ્યોદ્યોગ અધિક્ષક, શ્રી મહેશ થલોટીયા; ડૉ. બી. એચ. પટેલ, ભૂતપૂર્વ એટીક ઈન ચાર્જ, આ.કૃ.યુ., આણંદ અને ડૉ. મુકેશ પટેલ, ઈન-ચાર્જ, સરદાર સ્મૃતિ કેન્દ્ર આ.કૃ.યુ., આણંદ ઉપસ્થિત રહયા હતા.

સૌ પ્રથમ ડૉ. સી. કે. મિશ્રા, વરિષ્ઠ વૈજ્ઞાનિકશ્રી, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફ્રા, આણંદે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભવો મત્સ્ય ખેડૂતો, વિધાર્થીઓ અને ભાગ લેનાર સૌનું હાર્દીક સ્વાગત કર્યું તથા કાર્યક્રમની વિગત આપી હતી.

પ્રાસંગીક ઉદબોધનમાં સીફ્રાના ડૉ સી. કે. મિશ્રાએ રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિનની અગત્યતા સમજાવતા કહયુ કે પ્રેરીત પ્રજનન તકનીક દ્વારા સફળતાપૂર્વક બીજ ઉત્પાદન કરવાની સિધ્ધીએ ભારતમાં નીલ ક્રાંતી લાવવામાં મહત્વની ભૂમીકા ભજવી જેનાથી મત્સ્ય ઉત્પાદનમાં પણ વધારો લાવી શકાયો.

ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર, આઈ.સી.એ.આર.-સીફરીના વૈજ્ઞાનિકશ્રી, શ્રી વક્કબ્મ આનંદે પિંજરામાં મત્સ્યપાલન અને ગહન મત્સ્યપાલન વિશે માહિતી આપી આણંદ કૃષિ યુનિવર્સિટીના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક ડૉ બાબુભાઈ પટેલે ખેડૂત અને સમાજમાં ખેડૂતનું મહત્વ સમજાવ્યું કાર્યક્રમના મુખ્ય મહેમાન ડૉ એ. એમ. ઠાકરે ઘરની પાછળ મત્સ્યપાલન અને ઓછા ખર્ચે વધુ નફો કેમ મેળવવો તેના વિશે માર્ગદર્શન આપ્યું હતું મત્સ્ય ઉધોગ અધિક્ષક, શ્રી મહેશ તલોટીયાએ મત્સ્યપાલનની જુદી જુદી યોજનાઓ વિશે માહિતી આપી સરદાર સ્મૃતિ કેન્દ્રના ઈન-ચાર્જ, ડૉ. મુકેશ પટેલે મત્સ્યપાલનમાં વૈજ્ઞાનિક તકનીકોનું મહત્વ જણાવ્યું હતું

આણંદ અને ખેડા જિલ્લાના પાંચ પ્રગતિશીલ મત્સ્યખેડૂતોને સન્માનીત કરવામાં આવ્યા હતા તેમજ ગુજરાતીમાં એક માર્ગદર્શક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતુંપ્રગતિશીલ ખેડૂતોએ પોતાના અનુભવો વૈજ્ઞાનિકો, વિધાર્થી અને અન્ય ખેડૂતો સમક્ષ વર્ણવ્યા હતા.

આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ અજીત ચૌધરી, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફ્રા, આણંદ; શ્રી જૈમિન એચ. ભટ્ટ, વિષય નિષ્ણાંત(ફીશરીઝ), કે.વી.કે., દેવાતજ અને શ્રી સુનિલ એસ ઐલ, વૈજ્ઞાનિક, ક્ષેત્રિય સંશોધન કેન્દ્ર સીફ્રા, આણંદ દ્વારા કરવામાં આવ્યું હતું






(NATIONAL FISH FARMERS' DAY)


રાષ્ટ્રીય મત્સ્ય ખેડૂત દિન સમારોહ
(NATIONAL FISH FARMERS' DAY)